# ભ્રૂણહત્યા : સમસ્યા અને પડકાર

પંકજ ચૌધરી

ભારતીય સમાજમાં પુત્ર જન્મને વિશેષ મહત્ત્વ અપાય છે.ભારત પુરુષ પ્રધાન દેશ તરીકે ઓળખાય છે.જેમાં પુરુષને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે.દીકરો જન્મે તો પેંડા વહેંચાય અને દીકરી જન્મે તો જલેબી આમ દીકરા-દીકરીના જન્મ વખતે જ ખુશી અને ગમ દ્વારા વધામણાં કરવામાં આવે છે અને આ ભેદભાવની નીતિના કારણે જ સ્ત્રી ભ્રૂણ હત્યાનું પ્રમાણ વધવા લાગ્યું છે.પહેલાંના સમયમાં આજના જેવી આધુનિક તબીબી ટેક્નોલોજીના અભાવના કારણે ગર્ભ પરીક્ષણ કરાવી શકતા નહોતા. ત્યારે સમાજમાં 'દીકરીને દૂધપીતી' કરવાની બદી હતી જેનો રાજા રામમોહનરાયે સખત વિરોધ કર્યો હતો અને સમાજને આ બદીમાંથી બહાર લાવવાના સબળ પ્રયત્નો કર્યા હતા.તેમાં તે સફળ પણ થયા હતા. સ્ત્રી ભ્રૂણ હત્યા એ એક મોટી સમસ્યા છે. જેનાથી સામાજીક વ્યવસ્થાની સમતુલા ખોરવાય છે. સ્ત્રી વિનાના સમાજની કલ્પના કરવી અશક્ય છે માટે આ સમસ્યાનું નિવારણ આવશ્યક છે.

ઇ.સ.૧૯૭૧માં તબીબી ગર્ભપાત કાનૂન (મેડીકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એક્ટ-MTPA) અમલમાં આવ્યો જેમાં ગર્ભપાતને કાનૂની માન્યતા આપવામાં આવી હતી.પરંતુ તેનો દૂર ઉપયોગ કરી નાનાકુટુંબના ધોરણો અપનાવવા કેટલાક સમાજમાં ગર્ભ પરીક્ષણ કરાવી દીકરીનો ભ્રૂણ હોયતો તેનો ગર્ભપાત કરાવી નાખતા.આમ પુત્ર પ્રાપ્તીની ઘેલછામાં સ્ત્રી ભ્રૂણ હત્યા કરવાનું પ્રમાણ વધવા લાગ્યું.છેવટે આ સમસ્યા પર નિયંત્રણ લાવવા માટે બાળકના જન્મ પહેલાં લિંગ પરીક્ષણ ટેકનિક્સનો દૂરપયોગ અટકાવવા માટે કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદો પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક્સ (રેગ્યુલેશન એન્ડ પ્રિવેન્શન ઓફ મિસ્યૂઝ એક્ટ- ૧૯૯૪) ઘડીને તેને ૧લી જાન્યુઆરી ૧૯૯૬થી અમલમાં મૂક્યો જેમાં અવાર-નવાર સુધારા કરી આ કાયદાને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે. પુરુષોની સંખ્યાએ સ્ત્રી જન્મદર ઘટતાં ૩જી એપ્રિલ ૨૦૦૮માં 'બેટી બચાવો' અંગે રાષ્ટ્રીય કક્ષાની બેઠક થઇ હતી જેમાં કન્યા જન્મને આવકારવા પર ભાર મૂક્યો હતો.રાજ્ય સરકારે પણ 'બેટી બચાવો' અભિયાન શરૂ કર્યું છે. ભ્રૂણ હત્યા એ કાનૂની અપરાધ છે. સમાજમાં તેને ધાર્મિક અને નૈતિક દ્રષ્ટિએ પણ મહાપાપ ગણવામાં આવે છે. સ્ત્રી ભ્રૂણ હત્યા એ બાલિકા હત્યાનું જ એક સ્વરુપ છે. પુત્ર પ્રાપ્તિની ઘેલછાને કારણે સ્ત્રી ભ્રૂણ હત્યાનું પ્રમાણ વધ્યું છે જેના કારણે માનવ સમાજ પર વિપરીત અસરો પડે છે.

- જે સ્ત્રી ગર્ભપાત કરાવે છે તેના શરીર અને સ્વાસ્થ્ય ઉપર માઠી અસર પડે છે અને તેનું આરોગ્ય જોખમાય છે.
- પુરુષની સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા ઘટતા લગ્ન સંસ્થા પર માઠી અસર પડે છે જેના કારણે કેટલાક પુરુષોને જીવનસાથી મેળવવાની સમસ્યા ઊભી થાય છે.

- કુટુંબ અને સમાજ પર વિપરીત અસર પડે છે જેના કારણે કજોડા લગ્ન, કન્યાવિક્રય અને બળાત્કાર જેવી ઘટનાઓ ઘટી શકે છે.

આમ, પુરુષની સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા ઘટતાં ઉપરોક્ત માઠી અસરો ઉદ્‌ભવે છે. આંકડાકીય માહિતી જોઇએ તો ઇ.સ. ૧૯૦૧માં દેશની વસ્તીમાં પ્રતિ એક હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ૯૭૨ હતી જે આજે ઘટીને ઇ.સ.૨૦૧૧ ની વસ્તીમાં ૯૪૦ થઇ. ઇ.સ. ૨૦૧૧ની વસ્તી ગણતરીના પ્રાથમિક અહેવાલ અનુસાર દેશની કુલ વસ્તીમાં પુરુષો સંખ્યા કરતાં સ્ત્રીઓની સંખ્યા ૩ કરોડ ૭૨ લાખથી પણ વધુ ઓછી છે. જેની પાછળનું કારણ સ્ત્રી ભ્રૂણ હત્યા જવાબદાર છે. ભ્રૂણ હત્યા એ એક મોટી સમસ્યા છે. સમાજજીવન માટે તે પડકાર ક્ષમ છે. માટે આ પડકારને પહોંચી વળવા અને આ સમસ્યાને નાથવા માટે લોક શિક્ષણ અને લોક જાગૃતિની ખૂબજ જરૂર છે.'બેટી બવાચો' અભિયાનને વધુ મજબૂત બનાવી દીકરા-દીકરીનો ભેદ મીટાવીએ અને લોક શિક્ષણ દ્વારા કન્યા જન્મ, કન્યા ઉછેર અને કન્યા શિક્ષણ પર ભાર મૂકી એક સક્ષમ સમાજ બનાવવાનું કાર્ય કરીએ. સંચાર માધ્યમો દ્વારા પણ લોક જાગૃતિના કાર્યક્રમો રજૂ કરી ભ્રૂણ હત્યા નિવારવામાં સહભાગી થઇએ. આજના ટેકનોજી યુગમાં પણ સ્ત્રીઓ પરુષોના ખભે ખભો મીલાવી વિકાસની ભાગીદારી બની રહી છે.તો આવી માતૃ શક્તિની દેશમાં અને વિદેશમાં પણ જરુર છે.સુનિતા વિલિયમ્સ, કલ્પના ચાવલા, સાનિયા મિર્ઝા, સોનિયા ગાંધી, મિશેલ ઓબામા વગેરે સ્ત્રીઓ સમાજે ઉદાહરણ પુરુ પાડે છે.માટે આવો સૌ સાથે મળી સંકલ્પ કરીએ અને સ્ત્રી ભ્રૂણ  હત્યા અટકાવવામાં ભાગીદાર થઇએ. માતાની કુખમાં જ મૃત્યુ પામતી બાલીકાઓને આ ધરતી પર પગ મૂકવાનો અધીકાર આપીએ.